અલૂણાં વ્રતનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે પાંચ દિવસ હાથમાં મહેંદી લગાવી ગોરમાની પૂજા કરતી કુંવારિકાઓ સુરતની સોસાયટીઓ, એપાર્ટમેન્ટમાં દેખાશે. જો કે હવે તો તેની ઉજવણી થોડી ફિક્કી પડી છે છતાં હજી પણ સારો વર મેળવવાની મનોકામનાથી ગુજરાતમાં આ વ્રત થાય છે. તમને થતું હશે કે ગુજરાતમાં જ આ રીતનાં અલૂણાં, જ્યાપાર્વતી વ્રત થતાં હશે પણ ના, દેશનાં અલગ અલગ રાજ્યમાં પણ સારા વર પ્રાપ્તિ માટે કુંવારિકાઓ શિવ અને પાર્વતીની આરાધના કરતાં વ્રત કરે છે. તે વ્રતનાં અલગ અલગ નામ હોય છે પણ ભાવ દરેકનો એક જ હોય સારા વરની પ્રાપ્તિ. જો કે ઘણી જગ્યાએ તે એક દિવસના હોય છે પણ જ્યાં સુધી તે કુંવારિકાના લગ્ન નથી થતાં ત્યાં સુધી દર વર્ષે આવાં વ્રત કરતી હોય છે. રાજસ્થાનમાં ગણગોર 16 દિવસના હોય છે. દક્ષિણ ભારતમાં અને દેશનાં બીજાં કેટલાંક સ્ટેટમાં કુંવારિકાઓ અને વિવાહિત મહિલાઓ પણ આવાં વ્રત કરે છે પણ તેમાં થોડા ઘણા તફાવત હોય છે. ચાલો આપણે દેશના કયાં રાજ્યોમાં કુંવારિકાઓ કયાં વ્રત કરે છે અને તેમાં શું શું કરવામાં આવે છે તે જાણીએ...



# સારો જીવનસાથી મેળવવા દેશભરમાં કુંવારી કન્યાઓનાં અનોખાં વ્રત

## કેરલામાં કુંવારિકાઓ તિરુવાતિરા વ્રત રાખે છે

કેરલામાં પણ કુંવારિકાઓ મનગમતો જીવનસાથી મેળવવા માટે તિરુવાતિરા વ્રત કરે છે. આ વ્રત મલયાલમ કેલેન્ડર અનુસાર ધનુ મહિનામાં (ડિસેમ્બર-જાન્યુઆરી)માં તિરુવાતિરા નક્ષત્રના દિવસે રાખવામાં આવે છે. વ્રતના દિવસે કુંવારિકાઓ ભાત અને ભારે ભોજન નથી લેતી. ફળ, દૂધ, કંદમૂળમાંથી બનાવેલી ડિશ જેમ કે પુઝુક્કુ અને કૂવા પાયસમ ખાય છે. પુઝુક્કુ વિવિધ કંદમૂળ, શાકભાજી અને નારિયેળમાંથી બનતું શાક છે જ્યારે કૂવા પાયસમ આરારૂટનો લોટ, દૂધ, ગોળ, ડ્રાયફ્રૂટ્સમાંથી બનાવાતી વાનગી છે. છોકરીઓ વહેલી સવારે ઊઠીને સરસ રીતે તૈયાર થઈને શિવજીના મંદિરમાં જાય છે અને ભગવાન શિવ અને માતા પાર્વતીની પૂજા કરે છે. રાત્રે થિરુવાથીરકલી નામનું પારંપરિક લોકનૃત્ય કરવામાં આવે છે. આ નૃત્ય માતા પાર્વતીએ શિવજી માટે કરેલા તપને દર્શાવે છે. આ વ્રત દરમિયાન છોકરીઓ પારંપરિક પરિધાન મૂંડું અને નેરીયથુ અથવા સોનેરી બોર્ડરવાળી કાસાવુ સાડી પહેરે છે. તેઓ વાળમાં અંબોડો કરી તેને તાજા ફૂલોથી સજાવે છે. આ વ્રત ભગવાન શિવના આશીર્વાદ મેળવવા રાખવામાં આવે છે.’’



## તમિલનાડુમાં કુંવારિકાઓ એક દિવસનું કરડૈયાન નોમ્બુ વ્રત રાખે છેઃ અર્ચના રામસુબ્રમણિયમ



વેસુ વિસ્તારમાં રહેતાં 39 વર્ષીય અર્ચના રામસુબ્રમણિયમ વ્યવસાયે આર્કિટેક્ટ છે. તેમણે જણાવ્યું કે, ‘‘તમિલનાડુમાં કરડૈયાન નોમ્બુ વ્રત કુંવારી છોકરીઓ અને પરિણીત મહિલાઓ રાખે છે. આ વ્રત એક દિવસનું હોય છે. કુંવારી છોકરીઓ સારા જીવનસાથીની મનોકામના સાથે આ વ્રત રાખતી હોય છે. વહેલી સવારે ઊઠીને દેવી ગૌરીની પૂજા કરે છે. પૂજામાં પારંપરિક કરડઇ અડઈ (ચોખાનો લોટ) અને દાળના તથા ગોળના બનેલા વિશેષ વ્યંજન, માખણનો ભોગ લગાવવામાં આવે. તેના પછી મંજલ સરડું (હળદરમાં રંગવામાં આવેલો દોરો ) ધારણ કરવામાં આવે છે. આ વ્રત તમિલ પંચાંગના માસી મહિનાના અંત અને પંગુની મહિનાની શરૂઆતના સંધિકાળમાં એટલે કે માર્ચ મહિના ના અંત કે એપ્રિલની શરૂઆતમાં ઉજવવામાં આવે છે. આ વ્રત દરમિયાન નાની બાળકીઓ પટ્ટૂ પાવાડઈ જે ત્યાંનો પારંપરિક પોશાક છે તે પહેરે છે. આમાં પટ્ટૂનો અર્થ રેશમ થાય છે અને પાવાડઈનો અર્થ ચણિયાચોળી થાય છે, એટલે કે રેશમ (સિલ્ક)ના ચણિયાચોળી. જ્યારે કિશોરીઓ અને અવિવાહિત યુવતીઓ પાવાડઈ ધાવની જેને અડધી સાડી પણ કહેવાય છે તે પહેરે છે. તેમાં પાવાડઈનો અર્થ ચણિયો અને બ્લાઉઝ તથા ધાવનીનો અર્થ દુપટ્ટો થાય છે. વિવાહિત મહિલાઓ આ વ્રત વખતે નવ ગજની સાડી એટલે કે મડીસાર પહેરે છે. આ પારંપરીક વસ્ત્ર પરિધાન વ્રતના ઉજવણાં વખતે પહેરે છે. આ વ્રત કુંવારિકાઓ જ્યાં સુધી તેના લગ્ન નહીં થાય ત્યાં સુધી દર વર્ષે કરે છે.’’



## આંધ્ર પ્રદેશમાં લગ્ન નહીં થાય ત્યાં સુધી દર વર્ષે કુંવારી કન્યા અટલા તદ્દે વ્રત કરે છે : રાજેશ્વરી કોટા



અડાજણ વિસ્તારમાં રહેતાં 50 વર્ષીય રાજેશ્વરી કોટા હોમ મેકર છે. તેમણે જણાવ્યું કે, ‘‘જેમ ગુજરાતીઓમાં કુંવારી કન્યાઓ અલૂણાં કરતી હોય છે તેમ આંધ્ર પ્રદેશમાં તેલુગુ સમાજમાં અટલા તદ્દે વ્રત કુંવારી કન્યાઓ કરતી હોય છે પણ તે એક જ દિવસનું વ્રત હોય અને તે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં હોય છે . આ વ્રત કુંવારી કન્યાઓ સારો પતિ મેળવવા અને પરિણીત સ્ત્રીઓ પતિના દીર્ઘાયુષ્ય માટે કરતી હોય છે. કુંવારી કન્યાઓ સવારે ચન્દ્રમા આકાશમાં દેખાતો બંધ થાય તે પહેલાં ઊઠી જાય અને ભાત, દહીં, આંબોટી (ખાટી) ભાજીની ચટણી ખાઈ લે અને મમ્મી પાન બનાવી આપે તે ખાવાનું હોય. તેના એક દિવસ પહેલાં આ વ્રત કરનારી દરેક કન્યા હાથ અને પગ પર મહેંદી લગાવે, પછી ઝુલા ઝૂલતી હોય. બપોરે કાંઈ જ નહીં ખાવાનું હોય. સાંજે ગૌરીપૂજન કરે ત્યારે ગૌરી માતાને ઢોસાનું નૈવેદ્ય ચઢાવે. આ ઢોસાને અટ્ટુ કહેવાય. આ વ્રત જ્યાં સુધી છોકરીના લગ્ન નહીં થાય ત્યાં સુધી દર વર્ષે કરવામાં આવતું હોય છે. લગ્ન થયા બાદ તેનું ઉજવણું પિયરમાં મમ્મી કરાવે. પિયર નજદિક હોય તો વિવાહિતા પિયર જતી હોય અને દૂર હોય તો વિવહિતા પોતાના સાસરે જ કરી લેતી હોય. તેમાં પાંચ સુહાગન મહિલાઓને બોલવાય અને બધાંને જમાડવામાં આવે તથા આ સુહાગનોને સાડી ભેટ આપવામાં આવે. ઉપરાંત દરેક સુહાગનને 11-11 ઢોસા જેને અટ્ટુ કહેવાય તે આપવામાં આવે. દરેક સુહાગન પગમાં હલ્દી લગાવતી હોય છે. સુહાગન મહિલાઓને બંગડી, પહેલાંના સમયમાં જે કાજલ અપાતું તેવું જ આપવામાં આવે. ઉપરાંત મહેંદી, હલ્દી, કંકુ, ફ્લાવર્સ આપવામાં આવે.’’





## ઉત્તરપ્રદેશમાં હરતાલિકા તીજમાં માટીનાં શિવલિંગ બનાવાય છે, નિર્જળા ઉપવાસ કરાય છે : મમતા દુબે

કતારગામ વિસ્તારમાં રહેતાં 50 વર્ષીય મમતાબેન દુબે હોમમેકર છે. તેમણે જણાવ્યું કે, ‘‘ ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, ઉત્તરાખંડમાં કુંવારી અને પરિણીત બંને હરતાલિકા તિજનું વ્રત કરે છે. આ વ્રત કુંવારી કન્યાઓ સારો વર મળે તે માટે અને સુહાગન મહિલાઓ પતિના દીર્ઘાયુષ્ય માટે ઓગસ્ટ કે સપ્ટેમ્બર મહિનામાં ગણેશચતુર્થીના એક દિવસ પહેલાં કરતી હોય. ગામમાં તો રેતી કે માટીનાં શિવલિંગ બનાવે પણ શહેરમાં આવી



માટી ના મળે તો પછી મુલતાની માટીનાં પણ શિવલિંગ બનાવાય છે. આ દિવસે નિર્જળા ઉપવાસ હોય અને સાંજે 4.30 વાગે પૂજા થતી હોય. જેમનાથી પાણી વગર ના રહી શકાતું હોય તે સાંજે પૂજા બાદ તારા જોઈને પાણી પી લેતી હોય છે પણ જેઓ પાણી વગર રહી શકે છે તે બીજા દિવસે સવારે પાણી ગ્રહણ કરે છે. પૂજા પહેલાં કુંવારી કન્યાઓ ટ્રેડિશનલ ડ્રેસ પહેરે, કાજલ લગાવે, ગજરા બાંધે, મહેંદી લગાવે અને લિપસ્ટિક પણ લગાવતી હોય છે. એવું કહેવાય છે કે પાર્વતી માતાએ પણ શૃંગાર કરીને જ આ વ્રત કર્યું હતું અને તેની પૂજા કરી હતી. અમારા ઉત્તરપ્રદેશમાં તો આ એક જ દિવસનું વ્રત હોય અને જ્યાં સુધી લગ્ન નહીં થાય ત્યાં સુધી કરતી હોય છે. લગ્ન બાદ સુહાગન મહિલાઓ પણ હરતાલિકા તિજ કરતી હોય છે. આ વ્રત કરનારી છોકરીઓ અને સુહાગનો પગે આલતા પણ લગાડતી હોય છે.’’



## કર્ણાટકમાં મંગલા ગૌરી હબ્બામાં બાગીના (સૂપડાની વચ્ચે પેક કરાયેલા ગિફ્ટ)નું મહત્ત્વ હોયઃ શ્રુથી રાવ



વેસુ વિસ્તારમાં રહેતાં 38 વર્ષીય શ્રુથી રાવે એન્જીનિયરીંગ કર્યું છે. તેઓ કોવિલિટી રેગ્યુલેટરી સાઈટ પર સર્ટિફાઈડ લીડ ઓડિટર છે. તેઓ વર્ક ફ્રોમ હોમ કરે છે. તેમણે જણાવ્યું કે, ‘‘કન્નડ સમાજમાં જુલાઈ- ઓગસ્ટમાં મંગલા ગૌરી હબ્બા (વ્રત) કુંવારી કન્યાઓ અને પરિણીત મહિલાઓ પણ કરે છે. જો કે બંનેમાં થોડા ફેરફાર છે. આ વ્રતમાં માતા ગૌરીનું મહત્ત્વ હોય એટલે ગૌરી માતાનું મુખ તૈયાર કરાય. કોઈ માટીમાંથી તૈયાર કરે તો કોઈ બ્રાસ કે સિલ્વરનું હોય, વળી કોઈ કોઈ લોકો હલ્દીમાંથી પણ મુખ બનાવે. તેને રેશમી વસ્ત્ર અને જ્વેલરીથી સજાવે. એક પ્લેટમાં ચોખા, ઘઉં પાથરી તેની પર કળશ મૂકે તેની પર માતાની મૂર્તિની સ્થાપના કરાય છે. આ વ્રત મોટાભાગે મંગળવારે કરાય કેમ કે તે શુભ દિવસ ગણાય છે. આ વ્રત કરનાર પોતાના ઘરે બીજી છોકરીઓને બોલાવે અને પૂજા થાય જેમાં ભજન પણ ગાવામાં આવે છે. આ વ્રતમાં કુંવારી છોકરીઓ હલ્દીમાં પલાળેલા ગૌરી ધાગાને જમણા હાથની કલાઈ પર બાંધે તેની પર યલો કલરનું ફૂલ હોય. આ ગૌરી ધાગામાં કોઈ ગાંઠ નહીં હોય પણ વિવાહિત મહિલાઓનાં વ્રતમાં ગૌરી ધાગામાં 16 ગાંઠ હોય. આ વ્રતમાં દેવીને મીઠા ભાત, હોલિગે એટલે કે પૂરણપોળી, ભજિયાંનું નૈવેદ્ય માતાની મૂર્તિ સમક્ષ મૂકે. આમાં બાગીનાનું વિશેષ મહત્ત્વ હોય. વાંસના સૂપડામાં વચ્ચે પેક કરેલી વસ્તુઓ હોય. 16 વસ્તુ હોય જેમાં બેંગલ્સ, હલ્દી-કુમકુમ, કાંસકો, કાજળ, મિરર વગેરે હોય. આવા 16 બાગીના તૈયાર કરાય. એક બાગીના ગૌરી માતાની મૂર્તિ સમક્ષ મૂકે અને પછી બધી સગાંસંબંધીની બહેનો સામસામે બેસી બગીનાની આપલે કરે. આમાં નારિયેળ નહીં મુકાય પણ ફ્રૂટ્સ હોય જ્યારે વિવાહિત મહિલાના વ્રતમાં બાગીનામાં નારિયેળ પણ હોય. સુહાગિન મહિલાઓ બાગીના એકબીજાને ભેટમાં આપે છે. આ વ્રતમાં ફરાળ ખાઈને ઉપવાસ કરી શકાય છે.’’



## રાજસ્થાની સમાજમાં 16 દિવસ ગણગૌરની પૂજા થાયઃ મિનુ પંસારી



વેસુ વિસ્તારમાં રહેતાં 46 વર્ષીય મિનુ પંસારી હોમમેકર છે. તેમણે જણાવ્યું કે, ‘‘રાજસ્થાની સમાજમાં 16 દિવસની ગણગૌરની પૂજા થાય છે. આ પૂજા અવિવાહિત યુવતીઓ સારો વર મેળવવાની મનોકામના સાથે કરે છે તો સુહાગન મહિલાઓ પતિના દીર્ઘાયુષ્ય માટે કરે છે. હોળીના બીજા દિવસથી ગણગૌરની પૂજા શરૂ થાય. છેલ્લા દિવસે તીજ હોય તેના એક દિવસ પહેલાં સીંજારા હોય છે. આ દિવસે વિવાહિત મહિલાઓને તેમના પિયરથી કપડાં, મીઠાઈઓ અને શૃંગારની 16 વસ્તુઓ ભેટ તરીકે મોકલાય છે. કુંવારી છોકરીઓને પણ કપડાં, મીઠાઈ વગેરે ભેટ અપાય છે. માટીમાંથી ઈસર (શિવ) અને ગૌરા (પાર્વતી)ની મૂર્તિ બનાવી તેની પૂજા કરાય છે. હાથમાં મહેંદી લગાવે અને તળાવનું પાણી તથા લીલા ઘાસથી પૂજાઅર્ચના કરે. મહિલાઓ પારંપરિક ગીતો ગાય છે અને ઉત્સવના અંતે ઈસર ગૌરની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે અને પછી માટીના ઈસર ગૌરનું વિસર્જન કરાય છે. લાકડીના ગણગૌરનું વિસર્જન નથી થતું. ગણગોરમાં જવારા પણ ઉગાડાય છે તેની પૂજા થતી હોય છે.’’

**રાજ્યો ભલે અલગ અલગ હોય પણ બધાંની જ સંસ્કૃતિ ભારતીય જ છે ને! દરેક સમાજમાં ઉત્સવો, વ્રતમાં ઘણી સમાનતા હોય છે. જેમ માતા પાર્વતીને શંકર ભગવાન જેવા પતિ મળ્યા તેવો જ ભરથાર મેળવવા શિવ અને પાર્વતીનું પૂજન ગુજરાતમાં કુંવારિકાઓ અલૂણાં અને જ્યાપાર્વતી વ્રત રાખીને કરે છે. આવો જ આશય મોટા ભાગના રાજ્યની કુંવારિકાઓ રાખીને તેઓ પણ આવાં જ વ્રત કરે છે. હા, આ વ્રતની સમયાવધિ એક દિવસની હોય કે 5 દિવસ કે 16 દિવસની હોય. બધાંનો હેતુ એકસરખો જ હોય સારો જીવનસાથી મેળવવો અને પતિને દીર્ઘાયુષ્ય મળે.**